४४

"सरवोपयोगी संग्रह."

४४४० ભાગ ૧ લો.

જુના ગ્રંથોમાંથી ચોટી તૈયાર કરનાર

તથા.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

મીસ્ત્રી. લાલજી પીતાંબર.

જુનાગઢ.

નડીઆદ સત્યસાગર પ્રેસ.

સંવત ૧૯૪૬——સને

કીંમત છ -

અર્પણ પત્રિકા.

મે. જુનાગઢના ભાયાત શ્રી સાહેબજાદા સુલતાન અ-
હમદખાનજી શેહેરખાનજી આપની સાથે મારે
નીકટ સંબંધના પરીચયને લીધે પડેલ
અનુભવથી સીદ્ધ થયુંછે કે કેળવણી પ્ર-
ત્યે આપની અપુર્વ ઉત્કંઠા, મિત્રતા,
નાતો રાખવાગાં મોટાઇ દુરકરી આ-
પેજેપ્યારતથાદીલશોજીઅમારા
પ્રત્યે દરશાવેલી છે તેને લ-
ઇ આ લઘુ ગ્રંથ સાથે
આપનું પવિત્ર નામ
યાદ દાસ્ત રે'વા
ખાતર નમ્રતા પુર્વક જોડવા ખાસ પરવાનગી માગી છે.

આમો પ્રગટ કરનાર.

પ્રસ્તાવના.

આ સરવોપયોગી સંગ્રહ કોઇ જગ્યો છપાયેલું અમારા જાણ-વામાં નથી માટે આ પ્રથમ અમોએ ઘણીજ ગોઠવણી કરી છે જેમાં કોઇ જાતની ખામી રહી હોય અથવા કોઈ જાતના ઔષધનું ન અથવા તેની વીધી ન કહી સકાઇ હોયે તો કોઇ વૈદ્વાન મોટા વૈદને પુછીને ઔષધ ખાવું. તે છતાં કોઈ ધાતુની ઔષધી વૈદ વી-ના ખાવી નહી, એમ કરતાં ખાવી હોય તો વૈદ પાસે ખાત્રી કરાવીને ખાવી. ખાત્રી કરાવ્યા વિના દવા ખાવી નહી. ને ઔષધ જેટલા દીવસ ખાવું હોય તેથી બમણા દીવસ કરી પાળવી. તે હકીકત ઔષધમાં લખી નથી જેથી આ જગ્યોએ જાણવાસારૂ જણાવીછે. ખટાશ, ખોરૂં, તેલ, મરચાં વીગેરે ચીજથી દુર રેવું. તે-મજ દવા ખાધેલી હોય તેટલા દીવસ સ્ત્રીથી દુર રહેવું. પણ જે જગ્યોએ સંભોગ કરવા લખેલ છે તે જગ્યોએ કરવા સ-મજવું. આ ગ્રંથમાં કોઈ જગ્યોએ ખામી હોય તો મારા પિયારા મિત્ર સુધારીને ઔષધ કરશો ને ગરીબ શેવક ઉપર દયા લાવી. પો-ષ્ટ કાગળ લખવાની તસ્તી લઇ જણાવશો તો આપનો હુકમ મા-થે ચડાવી બીજી આવૃતીમાં સુધારીને છપાવીશ. એજ અરજ તા. કલમ કે આ કરતાં બીજો ભાગ બહુજ સરસ પડોછે પણ આ લ-ઘુ ગ્રંથમાં ગામનાએ તેમજ પરગામનાએ આશરો આપ્યો છે તેનો હું મોટો ઉપકાર માનુંછુ તેમજ બીજા ભાગના ગ્રાહક થાશો તો બાહાર પડશે.

ઠેકાણું
પારખ ગોવીંદજી નાનજી.
બુકસેલર જુનાગઢ.

આપનો શેવક
મીસ્ત્રી. લાલજી પીતાંબર.
છપાવી પ્રસીદ્ધ કરનાર.

દોહરો.

સાજુ હોય શરીરતો સઘળી વાતે સુખ;
નહી તો નાણું બહું છતાં દીન દીન પ્રત્યે દુઃખ. ૧
ભણતાં ભણતાં બહુ ભણ્યો વિદ્યા અન્ય અનેક;
શરીર સાચવણી તણો અક્ષર ભણ્યો નહી એક. ૨
તેતો ભણતર તુચ્છ છે વળી બુધી પણ વ્યર્થ,
શરીર સાચવણી વીના સરે નહી સઘળો અર્થ. ૩
માટે વૈદક વાંચજો પુરણ રાખી પ્રીત,
જેથી કાંઈ પણ જાણશો રોગ મટવાની રીત. ૪
વૈદકથી આયુષ વધે સુખમાં રહે સદાય,
માટે વીદ્યા વૈદની જરૂર જેવી જણાય. ૫
જો ધન છે ઘરમાં ઘણું હોય શરીરમાં સુળ;
તો તેના મનમાં ગણે ધન સઘળુ ધુળ. ૬
જેની ઘણી જરૂર છે સોધી લ્યો સાર,
રૂડુ આ પુસ્તક રચ્યું સઉથી સુખ દેનાર. ૭
મિત્ર આહારજ રાખજો દીવસને વળી રાત;
વિવેકે એમ વરતશો થાશે શરીરનો લાભ. ૮
નહી ચોરશો બુક આ હોય લાજ કેરૂ કામ,
કારણ કે માથે લખ્યુ માલીક કેરૂ નામ. ૯
એમ કરતાં ચોરશો બુક તુંરંગ પડીછે તમારે મુખ;
માટે નકરશો ફજેતી તમારી, હેહે થાશે નિશ્ચે ઘરબારી. ૧૦

સળખમ ઉપર ઓષધ.

૧ પીપર ટાંક. ૩ ચીતરો. ૩ ત્રણ. મરીટાંક. ૩ ચવકટાંક. ૩ પીપરીમુર ટાંક. ૩ કપડછાંણ કરી પછી એ ભુકો ઉનાપાણી સાથે ખાયતો તેથી સળખમ જલદી મટી જાયછે.

૨ પીપરીમુર ટાંક ૩ ચવક ટાંક. ૩ ચીતરો ટાંક. ૩ સુંઠટાંક ૩ તેનો કવાથ કરી ત્રણ દીવસ સુધી પીવો—સઘળી સળખમ જાય.

અથ માથાની કઢણ ઉપર ઓષધ.

૧ ત્રીફળા ટાંક ૧૨ (હરડાં, બેડાં, આમળાં) ગળો ટાંક. ૬ કરીયાતું ટાંક ૬ લીંબડાની છાલ ટાંક ૬ હળદર ટાંક ૬ ની પડી ત્રણ કરી કુવાથ કરી પીયે તો માથાનો રોગ ટળે.

૨ નીગુડના બીજ ટાંક. ૨ાા સુંઠ ટાંક ૧ વાટી વાસી પાણીમાં પ્રાકી લીયે તો માથુ તાકોદથી કળતું મટે એમાં સંદેહ નહી.

૩ ઉપલોટ, સુઠ, મરી. નીગુડના બીજ વાટી તેલ નાખી ઉનું કરી માથા ઉપર ચોપડીયે ને ઉપર ઘઉંનો રોટલો બાંધીએ તો માથાની કળતર મટે ને સઘળુ દુખ ટળે તે સહી.

૪ સુઠ ટાંક ૧૦ ઉપલોટ. ટાંક ૧૦ તગર ટાંક ૧૦ છડ ટાંક ૧૦ પાણીમાં વાટી માથે ચોપડીએ તો સુરજ ટળે સહી.

અથ નાકસુર ઉપર ઓષધ.

૧ કોદી, બારી નાકસુર ઉપર ચોપડીએ તો નાકસુર જાય

૨ સીંધાલુણ, હલદર, સંધેસડાના પાન, વાટી ચેપ કરી બાંધીએ તો નાકસુરમો તથા સર્વે દુખ મટે.

તાવ અંગમાં હોય ત્યારે.

૧ નાગરમોથ, ધમાસો, સુંઠ, ધાણા ને વાળો દરેકને તોલો વજન લઇ પાણીમાં ઉકાળો કરી, સાકર નાખી દીવસમાં બે ત્રણ વખ્ત પીવું. ને ઝાડો કબજે હોય તો તેમાં ગરમારાનો ગોળ તથા હરડેનો તોલો એક ઉમેરવો.

૨ ધમાસો, સુઠ, કડું, પાહાડ, મુળ, કચોરા, અડુસો, એરડાનું મુળ આ દરેકનો અરધો તોલો લઈ કુવાત કરી, અડધા શેર પાણીમાં નાખી, જ્યારે પાણી પાશેર હોય ત્યારે તે એક દીવશમાં બે ત્રણ વખ્ત પીવું. ઘણી તરસ લાગે તો તે સારૂ દ્રાક્ષ અને આંમળાંની ગોળી બનાવી તે મોગાં રાખવી. ને પા તોલો અથવા અરધો તોલો કાળા મરી, તેટલીજ સાકર તેને તાવ આવવા પહેલાં ચાવી જવાં, ને ઉપર બે કલાક પાણી પીવું નહી; પા તોલો જાયફળ, તેટલીજ જાવંતરી ને આધવાલ અફીણ અથવા તેથી થોડું તે તાવની પહેલાં અકેક કલાક પાણી સાથે લીધું હોય તો ઘણીવાર તાવ બંધ થાયછે.

૩ સુનામુખી, કડું, કરીયાતુ, પીપળીમુળ, તેના ત્રણ પડીકાં કરી, અકેક સવાર સાંજ તથા બીજે દીવસ સવારે પાણી સાથે લેવાં.

૪ કરીયાતું, પટોળ, ગળો, લીંબડાની છાલ, ખડસલીઓ પીનપાપડો, કડુ, સુઠ, આ દરેકનો તોલો પ્રમાણે તથા કાળીદ્રાખ અને હરડાં બંને તોલાને સરવેના ત્રણ ભાગ કરી અકેક ભાગનો કવાથ કરી, સાંઝ સવાર પીયે એત્રણ દીવસ પાગે તો તાવ ઉતરી જાય.

૫ કરીયાતું, અતીવીષ, ઈદ્રજવ, ગળો, ધાણા, વાળો, દરેકને

એકડો લઇ કુવાત કરી, બે દીવસ પીવો, એકલી ગળો કરીયાતું, અથવા લીંબડાનીછાલ રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે ચોળી પાણી બે ત્રણ વખત ગાળીને પી જવું.

શરીરમાં તાવ ન હોય ત્યારે ઉકાળો પીવાના ઉપાય.

૧ કાળીદ્રાક્ષ, દેવદાર, કડું, નાગરમોથ, આંમળાં, હરડાં, ગળોગરમાળાનો ગોળ, કરીયાતુ, પટોળ, ખરસલીયો પીતપાપડો, દરેકનો, એક એક તોલો તેના બે ભાગ પાડી, એકનો ઉકાળો કરવો, તે સવારે, બપોરે ને સાંઝે પીવો–તેજ પ્રમાણે બીજે દીવસે રહેલા ભાગનો એજ પ્રમાણે ઉપયોગમાં લઇ લેવો એ પ્રમાણે ચાર પાંચ દીવસ પીધાથી, તાવ ઉતરી જશે.

૨ વાળો, સુંઠ, પોખરમુળ, કડું, રાસના, ગળો, ભારંગમુળ, કચોરાં, ધમાસો, અડુસો, નાગરમોથ, બ્રાહ્મીયજ અને કરીયાતું, દરેકનો તોલો વજન લઈ બે ભાગ કરવા તેમાંથી એક એક ભાગનો કુવાથ કરી. એક દીવશમાં બેવાર પીવો આથી પણ તાવ ઉતરી જાય.

૩ ઇંદરજવ, કડવાલીંબડાનાપાન, અડુસો, ગળો, ઉપલસરી, ત્રીફળા (આમળાં, હરડા, બેડાં) દરેકને તોલો વજન લઇ ઉકાળો કરી સાંજસવાર પીવું બીજું તાવ ભરાણો હોય, તરસ લાગતી હોય, અને પેટ કબજે હોય તો અરડુસો દ્રાક્ષ, હરડા, અને ધાણા આ ચારનાના તોલા પ્રમાણે લઈ ઉકાળી તેનું પાણી પીધા કરવું. ટાઢીઓ તાવ, જુનોતાવ, અતી પગીત તાવ એટલે ઉનો તાવ એકાદો મોટો તાવ આવાબાદ ને ગયા પછી થોડો તાવ રહેછે. એટલે થોડા દીવસને અ-

તરે થોડો થોડો આવ્યા કરેછે. આવા તાવની સાથે શરીર ક્ષીણ હોય છે, ભુખ લાગતી નથી, ઝાડો કબજ રહેછે, નાડી જલદી ચાલે છે. વાસ્તે નીચેના ઓસડો આપવાં. ને આ ઓસડ પણ સારો ગુણકારીછે.

૪ પટોળ લીંબડાની અંતરછાલ તોલો એક, ઇદરજવ તોલો અરધો, ગળો, વરીયાળી તોલો એક સર્વેને ગરમ પાણીમાં રાત્રે પલાળી રાખી બીજે દીવસે તે પાણી ગાળી લઇ ત્રણ વખ્ત પીવું.—તે વધારે ગુણ કરેછે.

૫ કરીયાતું, હરડા, નાગરમોથ, સુંઠ, પીપળી, ધમાસો પીપળીમુળ, વાળો, પટોળ, કડું, ખડસલીયો પીતપાપડો. કચોરારીગંણી, માયમાણચી, કરણનુંમુળ, કાંકચાંયા, ઇદ્રજવ અને અતીવીખ આ વીશ ઓસડોનું સમભાગ ચુરણ કરી પા થી અરધો તોલો સાંજ સવાર પાણીમાં થોડા દીવસ લેવું આ બધાં એક બીજાથી સરસ છે એમ લાગેછે.

અથ ઉધ્રસ ઉપર ઓસધ.

૧ મઠ શેર ૦ા વાટી કપડછાંણ કરી આકડાના દુધમાં ચાનકી કરીએ પછી ઠીકરી ઉપર સેકીને પકે તે વાટી તેમાં જાયફળ ટાંક ૧ા કેસર ટાંક ૦ાા નાખી ગોળથી ગોળી ચણા પ્રમાણે વાળવી પછી તે ગોળી જાયફળના પાણીસુ વાટી નીત સવારે દીજે તો ઉધ્રસ તથા ખેન જલદી મટી જાય તે ખરૂ જાણાય છે.

૨ દોહરો—હરડે, પીપર, સીધવ, ચીતાઉન, ચારૂકો કીજે મીત કાસ સ્વાત જડ જુદી જાય ભાત નજુણ કેતાં થાય —અર્થ ઉપરના ઓસડોને ઝીણાં વાટી મેળવી ખાયતો ખેન તથા ઉધ્રસ જડમુળથી જાય

૩ હરડેદળ શેર ૦ા કીસમીચ દ્રાખના ૬ વાટી ગોળી આગળાં

પ્રમાણે એક દીન ત્રણ ખાવી તો ઊધ્રસ પ્રમે બધકુષ્ટ પોટવીટ ઊપકો ધાતુખીણ અરૂચી એટલા દુ:ખને નીસે મટાડે છે.

૪ જાયફળ, વાવડીંગ, ચીત્રકમુળ, તાલપત્ર, ચંદન, સુંઠ, લવીંગ, એલચી, કપુર, હરડા, આમળાં, ગરી, પીપર, વંશલોચન, તજ, આ દરેકનો એક એક તોલો લઇ તેમાં ભાંગના સાત તોલા એ સર્વેના સમાન સાકર તેગનો બારીક ચુરણ કરી એક કરવું. આ ચુરણ પાતોલો ખાવાથી ખાંસી તથા દમને ફાયદો થશે.

૫ સાકર, મધ, માખણ, દુધ, ઘીઇ, એ પદાર્થ પુષ્ટ કરતાછે તે માહીલા વધારે લેવા. ચુરણ અથવા બીજી દવાની સાથે અનું પાનના રૂપમાં પણ તે પુષ્કળ વપરાય છે. લોભસ્મ મંડુર અગર લોખંડની દવા ત્રીફલાં (હરડા, બેડાં, આમળાં) ની સાથે ખાધાથી અંગ સુધારે છે.

દાંતનું મંજન.

૧ ચાકના પંદર ભાગ કપુરનો, એક ભાગ, લવીંગના તેલ જરા ટીપુ.

૨ તજ અને સોડાખાર એનો દરેકનો અરધો તોલો અને તજના તેલના એક ટીપુ. ગુલેઅરમાનો એક તોલો ગુલેઅરમાની એક જાતની મટોડી આવે છે અને હાલ તેને બદલે ચાક અને લોઢાનો ભુકો મેળવીને બનાવવામાં આવે છે.

૩ જો પારો માત્ર સુજી આવેલો હોય ને વધારે લાલ થયો હોય તો સુરોખારનો ભુકો ઘસવો એથી પારો નરમ પડે છે ને સોજો ઉતરી જશે ને દાંતને ઈજા થતી બંધ પડી સુખી થાય છે.

૪ જો પારાની વચમાં જગ્યા હોય છે અને અળગા પડી ગયા હોય છે અને તેમાંથી લોહી નીકળે છે ત્યારે તેને કઠ્ઠણ લાવવાને વાસ્તે હીરાબોળનો ભુકો, કાથો, માયાંનો મુલ તત્વ, ચાક ઇત્યાદી વસ્તુઓની મેળવણી કરીને વાપરવામાં આવે છે એજ.

૫ જ્યારે મોઢાની વાસ મારે છે ત્યારે લીલ કાઢી નાખ્યા પછી કોલસાનો ભુકો (બદામના છોત્રાનો અથવા સોપારી બાળીને જે રહે તે) હીરાબોળનો ભૂકો મેળવીને વાપરવામાં આવે છે તે તરત કરેલો જોઈએ, ઝાઝા દીવસનો હોય તો ગુણ કરતો નથી. કોલસાનો ભૂકો ઘણોજ ગુણકારક છે કેમકે મોઢામાં વાસ મારે છે ત્યારે તે ઘણો સરસ છે બીજુ જેને હુક્કો વિગરે બીજી જાતુશો પીવાથી તેને મોમાં વાસ મારે છે તેને પણ દુર કરી આપે છે.

કાનનો ઉપાય.

૧ સુંઠ ટાંક ૫ ઘોડાવજ ટાંક ૫ મરી ટાંક ૧॥ વાટી સરસીયા તેલ શેર ૦ માં કડકડાવીને ગાળીને તેલ કાનમાં રેડીએ તો બગા મરે. કાન દુખતો મટે તેમાં સંદેહ નહી.

૨ કાકચબીજ ટાંક ૨॥ મરી ટાંક ૨॥ જાયના ફુલના તેલમાં ઘસી ઉનું કરી કાનમાં રેડવું તો બગા મરે ને સુખ થાય.

૩ ચમારદુધલીનો રસ, ગળીનો રસ, નાગરવેલના પાનનો રસ, સર્વે ભેગાં ઉનાં કરી કાનમાં નાખીએ તો બગા જીવતાની કળી જાય.

૪ ઈંદ્રવાણીનુ મુળ, કાકચબીજ ૭ નંગ સાત. મરી ટાંક ૨ વાટી સરસીયા તેલમાં ઉકાળીને એ કાનમાં નાખીએ તો બગા મરે.

૫ સાબુ, શીંદોર, એળીઓ, કંકોડી, ગોમુત્રમાં વાટી કાનમાં રેડીએ તો ખજુરો મરે.

નાકના રોગ ઉપર ઓષધ.

૧ ભોરીંગણીના ફુલ સુકેલઆણી ચોણીયો કપુર વાટી નાકમાં ફુંક દીજે તો કીડા મરી પડે સહી.

૨ મેંદ વાટી પેથીના રસમાં થેપલી કરી તાળવે મેલીએ તો નસકોરી બંધ થાય ને લોહી નીકળતુ મટે ને સુખ ઉપજે.

અથ કંઠમાલ ઉપર ઓષધ.

૧ ખાજવણીના મુળની રાખ, ભોરીંગણીની રાખ, ગાયના ઘીમાં મલમ કરી ચોપડીએ તો કંઠમાળ મટી જાય.

૨ સરઘવાના પાન વાટી મોઢી સાવી ચોપડીએ તોપણ જાય.

અથ દાઝને ઉપર ઓષધ લખ્યો છે.

૧ ગોરકંનાપાન વાટી પાણીસુ ગશી ચોપડીએ તો બલત્રા મટે.

૨ અરીઠા પાણીમાં પલાળી ફીણ વારી હાથે પગે ચોળીએ તો મટે.

ફેર આવતો હોય તો તે ઉપર ઓસધ.

૧ પીપરીમુર ટાંક ૨ા સુઠ ટાંક ૨ા પીપર ટાંક ૨ા ગોળ ટાંક ૫ વાટી પાણીમાં પાય તો વાઈહોન્ન ફેર સર્વે મટે.

શીલશ ઉપર ઓસધ.

૧ સરસવ વાટી ગાયના દુધમાં ખડ કરવો તો શીલશ તરત મટે.

૨ મરી તથા ગોળની ગોળી કરી પાવી ને ઉપર રાઇ ચોપડવી તેથી પણ મટે.

રતવા ઉપર ઓસધી.

૧ સુખડ, રતાંજલી, ગુયાદેવદાર પાણીમાં પાય તથા બીજો ચોપડે તો રતવા મટે.

૨ રાતા રોહીડીના મુળ રાતા ધીગડાનામુળ. મીઠીઆવલ, હેમકદ, રતાજલી, ગોયોદેવદાર વેહેમાન કડીઆતુ પાણીમાં વાટી પાય બીજુ રતવા ઉપર ચોપડીએ તો મટે.

૩ તેલ ટાંક ૧૦ પાણી શેર ૦ાા ભેરાંમથી પાય તો તેમજ બીજુ જુના કપાસીઆ પોલભરી ચાઠા ઉપર ચોપડે તો રતવા જલદી મટી જાય.

ખીલ થયા હોય તેના ઉપાય.

૧ વેખંડ, સાબરશીંગ અને ધાણા એ વાટીને ત્રણ દીવસ મોઢે લેપ કરવો તેથી ખીલ મટીજશે ને મોઢું સાફ થશે.

નીમાળા સારા થવાનો ઉપાય.

૧ ગાયના દુધમાં તલનું ફુલ અને ગોખરૂ વાટીને નીમાળે (વાળે) સાત દહાડા સુધી લેપ કરેથી નીમાળા લાંબા થઈને થોડા હશે તો ઘણા પણ થશે.

૨ મધમાં ચણોઠીના લોટ ઘાલીને લેપ કરેથી માથાની ટાલ પડી ગઇ હશે તોતે ઠેકાણે નીમાળા ઉગેછે.

૩ હાથીદાંત બારીક કુટવો ને તેને માથે લેપ કરવો એટલે ટાલ જશે.

નીમાળા જવાનો ઉપાય.

૧ કેળનું પાણી, સંખજીરૂ, ગાળીને આત દહાડા તડકે સુકવવું અને તેગાં હડતાલ નાખી લેપ કરવો એટલે નીગાળા જશે જરૂર.

બાળકની આંખ્યો તથા ફુલાં વીશે સહેલો ઉપાય.

૧ ધોળી સાટોડીનું મુળ ઘશીને આંખગાં આંજન કરવાથી પડાળ ટળે આંખ્યો ગટી જશે.

૨ ખજુરના ઠળીયાને તેલ ચોપડી ઠીકરીમાં બાળીએ રાખ વાલ ૧ સમુદ્રફીણ વાલ આઠ પીપર વાલ આઠ મેળવીને મધ નાખીને આંજે તો પ્રવાલો ઉરગપડર બાર ધરાત અધોઈ એ રોગ સર્વે જલદી ગટી જાયછે.

૩ કરંજમુળ, પલાસમુળ, સ્ત્રીનીધાઈગાંગી દુધ લઇ તેગાં ઘસીને આંજે તો ફુલું તથા પડાળ ગટે.

૪ પાકેલ આંબલીનો ગર્ભ, ફટકડી, હળદર, લવીંગ, અફીણ લુણ, કુવારનો ગર્ભ ઉના કરી સર્વેની પોટલી મેલી સેક કરવાથી આંખ દુઃખતી ગટેછે ને સારી નીરાત થશે;

૫ સંખનાભ ટાંક ૫ પીપર ટાંક ૫ મોરથુથુ ટાંક ૫ હીરાબોળ ટાંક ૫ ખાપરીઓ ટાંક ૫ વાટી લીંબુના રસગાં દીન ત્રણ મેળવીએ પછી તેની ગોળી ચણા પ્રમાણે ત્રાંબાના પાત્ર ઉપર ઘસી આંજી ઉપર કપાસીઆ કચરી ઉના કરી થેપલી કરી બાંધીએતો કાથ રોગ, શુના રોગ, કાનના રોગ, સુરજ વેગ, ચંદ્ર વેગ, આંખ્યે લોહી ચડેલુ, કળતી, ગાથાનું મુળ એટલા રોગને ગટાડે ગાથાના

સર્વે રોગને ગટાડેછે તથા કુવાથનો ગુણ એ જે છાયા પડળ ધુધલતી ગરગલતી ગાઢો ઉરમ ધુમર વાળપ ચીપડી રાત અંધો, સોલી ફુલ થયો એટલાને ગટાડે છે. અંજન કરવું તથા કુવાથ પીગો એટલે તે સરવે રોગને મટાડે છે. ને સુખ ઉપજે છે.

નપુશકપણાની ઉત્પતી તથા લક્ષણ.

૧ નપુશકપણાને ધીકાર લખીએ છેયે નપુશક એટલે જે પુરૂશ ગાહોટો પુષ્ટ દેખાય ને નપુશક હોય તેના ૭ પ્રકારના ભેદ.

૨ નપુશકપણા ૭ પ્રકારના છે જે પુરૂષ સ્ત્રીની સાથે રમવાની ઇછા કરે પણ લીંગ જાગે નહી. તેને નપુશક કહીએછીએ.

૩ કડવી, ખાટી, ગરમ, ખારી, એવી વસ્તુ ઘણી ખાવાથી તથા નાશ થઈ જવાથી અથવા શોકથી ક્રોધથી અથવા રોગના આવવાથી અથવા લીંગમાં કાંઈ ચોટ લાગવાથી લીંગની નસ મારી જાય છે તેથી ઘણા બ્રહ્મચર્ય રહેવાથી વિર્યના ઘટાડાથી એવા ઘણા કારણથી ચાંદી પ્રમો વીગરે એવા રોગથી લીંગની નસ તુટે તેથી એ રોગ ઊતપન થાયછે પણ લીંગની નસ તુટવાનો રોગ અસાધ્યછે.

નપુશકપણાના ઉપાય.

૧ મધુરી વસ્તુઓ નાખવાથી તથા જાુટના પ્રકાર નામનો ઉજો અતી સ્વાદીષ્ટ એહેવાજ ભોજન તેનાથી પણ જાય છે.

૨ અથવા મોટી સુંદર સ્ત્રી સર્વે ગુણે સંપુર્ણ વિચીક્ષણા વાંણીવાળી એના શરીરના સ્પર્શ કરવાથી પણ નપુશકપણુ જાય છે.

૩ અથવા સુંદર આસવનુ પીવું અથવા ઊપવનમાં રહેવું તથા

દુધ સાકરનારાં પોત્રની પુષ્ટાઇની ઓસધો ખાવાથી અથવા ગરૂ ગાંગ ચંદરોદય વીગેરે માગીઓને સાતે ધાતુની માત્રાઓ તથા દહીં શીખરણી શીખંડ અડદનો પદાર્થ એ સર્વે વસ્તુ નપુશકપણાને દુર કરે છે.

૪ અથવા આમરસ આદીના ભોજન બરાસ કપુર કસ્તુરીનાં સંયોગની પાનની બિડી વગેરે કોપ પાક એહેવી વસ્તુઓ ખાવાથી નપુશકપણુ જાય છે.

નપુશકપણુ મટાડવાના ઉપાય.

૧ અકલકરો, સુઠ, લવીંગ, કેસર, પીપર, જાયફળ, જાવંત્રી, સફેત ચંદન એ સર્વે ઓસડો તોલો તોલો ને અફીણ ચાર તોલા એ સર્વેને મધમાં ઘુંટી અડદ પ્રમાણે ગોળી વાળી ગોળી એક રાત્રે ખાય ઉપર દુધ પીએ તો નપુશકપણુ જાય.

૨ અથવા કુકડાંના ઇંડાંના પાણીમાં તલ પલાળી સુકવે એમ અગીયાર વાર કરી એ તલને ટાંક ૫ ખાય માથે દુધ પીએ તો નપુશકપણું જાય. પુષ્ટાઇ આવે.

૩ અથવા વીદારી કંદને સુકવી ચુરણ કરવું પછી તેને લીલા વીદારી કંદના રસનો પટ દઈ સુકવવું એમ ૨૧ પટ દેવા પછી એ વીદારી કંદમાં સાકર નાખી તથા મધ ઘી મેળવી ટાંક ૨ અથવા માસા ૪ લે તો એને તેના ઊપર દુધ પીયે તો નપુસકપણું જાય.

૪ અથવા આમળાંનું ચુરણ કરી લીલા આંમળાના પુટ દઇ મધ સાકર ને ઘીની સાથે રોજ ટાંક ૨ ખાય તો નપુશકપણુ જાય. અથવા અફીણ પારો એ બરાબર લઇ પછી કનક જાત બીજના તે-

લમાં દીન ત્રણ ખલ કરે પછી સાકરને ભાગસભાગે મેળવે રતી એક લઇ ઉપર પીયે તો નપુશકપણુ જાય.

૫ અથવા જાયફળ, અકલકરો, લવીંગ, સુંઠ, કેસર, પીપર, કસ્તુરી ખાસ, અફીણ એ સર્વેની બરાબર અફીણ લઇ ઘુટી ગગ પ્રમાણે ગોળી ૧ અથવા બે ખાય તો નપુશકપણું જાય.

અથ ચુરણો લખીએ.

૧ ગોખરૂ, તાલમખાનુ, ઓખરાનાં બી, આસન સતાવરી, ધોળી મુસળી, કઉચબીજ, જેઠીમધ, ખરેતીના બીજ, ગંગેટીની છાલ એ સર્વેનુ ચુરણ કરી તેમાં ઘટારત પ્રમાણે સાકર મેળવી દરરોજ ટાંક ૫ દુધની સાથે ઉકાળી રાતે રોજ લે તો નપુશકપણુ જાય ને સારો આદમી લીએ તો શરીર પુષ્ટ થઇ જાય.

૨ દક્ષણી સોપારી શેર ૦॥ લઇ પાણીમાં પલાળી પછી એને બારીક વાતરી એને સુકવી એનું ચુરણ કરવું લુગડે ચાળીને પછે એના બરાબર ઘી નાખી ચુરણને ૪ શેર દુધમાં ખરો માવો કરવો પછી એમાં આઠ ઘણી સાકરની ચાસણી મેળવી પ્રતીવાસ નીચે પ્રમાણે મુકવા ઇલાયચી, ખરેંટી, ગંગેરણીની છાલ, પીપર, જાયફળ, લવીંગ, જાવંત્રી, તમાલપત્ર, સુંઠ, સતાવરી, મુસળી, કઉચાં, વીદારીકંદ, ગોખરૂ, દ્રાક્ષ, સાલમ, શીંગોડાં, જીરૂં, વંસલોચન, આશદ, કેસર, કસ્તુરી, કચોરા, ચંદન, બરાસ અગર એ સર્વે ચાર ચાર તોલાભાર લેવા અથવા વૈદે પોતાની બુધી પ્રમાણે લેવાં ને મરૂગાંક ચંદ્રોદય બંગચારભસ્મ અભ્રખ ભસ્મ તે લેવાને સુગંધી પદારથ તથા મેવા વીગેરે ચીજો પોતાની બુદ્ધી પ્રમાણે એમાં નાખી પછી એને

ઠારવું કે ગોળીઓ વાળી પછી ચાર ચાર તોલાભાર રોજ ખાય ને પથ્યથી રહે તો નીશ્ચે નપુશકપણું જાય.

૩ શારી નામદાર ગોટલી નાહાની રૂવાટાં નહી મીઠાશવાળી એવી જે કેરી કાંતો કલમની અથવા પાયરી અથવા અપુશ એ ત્રણ જાતની કેરીમાંથી લેવી કે જેમાં ચીકાશ જાદે લજતવ ને તાજી એવી કેરીઓ લઇ એનો ૧૬ શેર રસ કાઢવો તેમાં શેર ઘી ને શેર સાકર નાખવી ને એને માટીનાં વાસણમાં પકવીને જાડો કરવો તે ચાસણી જેવો થાય પછી એને રાખીને પ્રતીવાસ મુકવો તે લખીયે છીયે સુંઠ તોલા ૩૨ તેટલાં મરી, પીપર તોલા ૮ ધાણા તોલા ૮ જીરૂ, ચિત્રક, તમાલ પત્ર, તજ, નાગકેસર ઇલાયચી કેશર લવીંગ જાયફળ એ સર્વે ચાર ચાર તોલા કસ્તુરી માસા ૪ બરાસ ટાંક ૧ મધ શેર ૧ એક એ સર્વે ઓસડનુ ચુરણ કરી એ ચાસણીમાં નાખિ એક જીવ કરી પછિ એને અમૃત વાસણમાં ભરી રાખી પછી એમાંથી તોલા ૪ ભાર રોજ ખાયતો નપુશકપણું દુર થાય ને શંધરણી ક્ષય, શ્વાસના સરવ રોગ, અરૂચી, અગલપીત, રક્તપીત, પાંડું રોગ, એ સર્વને દુર કરે શરીર પુષ્ટ કરે એટલો ગુણ છે.

૪ કઉચાં શેર ૧ એને શેર ગાયના દુધમાં ધીરે તાપે પકવી છોતરાં કાઢી ચુરણ કરી દુધમાં બાંધી એનાં વડાં કરવાં તે ગાયના ઘીમાં તળવાં. પછી એનાથી બમણી સાકરની ચાસણી કરી તેમાં પાઇ મધમાં નાખવાં પછી એમાંથી દસ ટાંક રોજ ખાય તે પ્રમાણે મહીના ૨ ખાય તથા કોઇ રસ્તેથી ધાતું જવા દે નહી તો એ પુરૂપ નપુશક હોય તોપણ પુરૂષાતનમાં આવે.

૫ અથવા એકલકળી લસણ શેર ૦।। લઇ ભેસના દુધ શેર. ૨૪માં તેને અકેકી ફોલીને દુધમાં નાખે. બાળવીને દૂધને ચુલે ચડાવી નીચે એને સારો તાપ કરવો પછી માવો બંધાઇ જાય તે પછી તેમાં સાકર માવાથી બમણીની ચાસણી કરવી તેમાં નીચે પ્રમાણે ઓસડ કેસર, જાયફળ, એલાયચી, જાવંત્રી, ધોળીમુસળી, પંજાબી સાલમ પકવેલ, બળબીજ, અકલકરો, કઉચાં, ગોખરૂ. તાલપત્ર એખરાના બીજ, ગંગેટીને છાલ આ સર્વે ઓસડો ચચાર તોલા લઈ તેનું ચરણ કરવું. એ ચુરણ સાકરની ચાસણીગાં નાખી તેના પેડા વાળવા તે રોજ રૂ. ૫ ભાર ખાય.

અથ નષ્ટ પુષ્ટ વાત્પી વીશે કહુછઊં.

૧ કંઈ એક રોગાદીની તેથી સ્ત્રીઓનું અટકાવવું વચમાં જવું એ એક સ્ત્રીને વીકાર છે તે એ કાળેજ પ્રાપ્ત થયું તો ઘણું ખોટું માટે ફરી અટકાવવાનો ઉપાય કહુછું.

પીપળી અથવા કેરડકાંગનાં પાંન, ગલોલ ને જાવંત્રીનું ફુલ પાનીમાં વાટીને જે સ્ત્રી પીતી જશે તેને ફરીથી નષ્ટ થએલું પુષ્ટ આવશે એટલે રજસ્વલા થશે.

૨ તાંપુલ, દરોઇના પાંદડાં અને દેવદાર એ ત્રણે બરોબર અને વાળાનો ભુકો જે સ્ત્રી પાણીગાં પી જશે તેને પુષ્ટ ફરીથી આવશે.

હવે સ્ત્રી અટકાવ ઘણા દેખેછે તે નહી દેખે.

૧ હરડેદર, કડવો લીંબડો, અવલકંઠી એ ત્રણે બરાબર કુટી-

ને પાણીમાં કાલવીને સાત દહાડા જે પીશે તેને અધોક પુષ્ટનો નાશ થશે એટલે તે સ્ત્રી અટકાવ થોડો દેખશે.

૨ કડવીવ્યાના પાન એનો સમાંસ રસ મધમાં પીયે તો સાત દહા પછી અટકાવ થોડો દેખશે

વંઝા સ્ત્રીના ઉપાય

૧ જે સ્ત્રીને અટકાવ ન આવતો હોયતો માંછલાંનું માંસ ખવરાવવાથી અટકાવ આવેછે અથવા કાંજી નિત ખાય અથવા તલ ખાય, અડદ ખાય, વડી ખાય તો અટકાવ આવે ત્યારે તે વંજા પણાનો દોસ દુર થાય.

૨ અથવા શાઠોડીનાંબીજ, કડવીતુમડી, દાંતી, પીંપરો, ગોળ, મીંઢળ, દારૂનુંફીણુ, ખાખર, થોરનું દુધ એ સર્વે એકઠા કરી બારીક વાટી યોનીમાં દિવટ કરી મુકેતો પણ અટકાવ આવે વંજા દોશ તરત જાય.

૩ અથવા ગાલકાંકડી, રાઇ, વિજ્યશાર, વજ એ બારીક વાટી સીતાર પાણીમાં પાંચ રોજ પાંયે તોપણ અટકાવ આવે.

વાંજણી સ્ત્રીને પુત્ર થવાનો ઉપાય.

ખરેટી, ગંગેટીનીછાલ, મહુડાં, વડની, કુપળો, નાગકેશર એ સર્વે સરખુ લઇ બારીક વાટી ગાયના દુધમાં ટાંક ૫ મધ નાખીએ ચુરણ રોજ ૧૫ ખાય તો વાંઝીઆને પુત્ર થાય.

અસ્ત્રીને અટકાવ ના આવતો હોય તેના ઉપાય.

કાળા તલ, મરી, સુંઠ, પીંપરો, ભારંગ, ગોળ એ સર્વે ટાંક ૧ ભા-

૨ ભેગાં ખાંડી કઢો કરી ૧૫ રોજ પીયે તો સ્ત્રી ધરમજર થાય ને લોહીનો ગોળો દુર થાય.

અથવા આશનના ઉકાળામાં ગાયનું દુધ તથા ઘી મેળવી રજુ સમે સવારમાંજ તે ખાય પીયે તો ગરભ રહે.

ગરભ નહી રાખવાનો ઉપાય.

પીંપરો, વાવણીગ, ટંકણખાર, રતુ સમે ૫ રોજ પાણીથી ઘુંટી પીયેતો કદી ગરભ રહે નહી અથવા જુનો ગોળ તોલા ૫ ભાર લઇ ઉકાળી રતુ સમયની દીન ૧૫ સુધી પીયે તો ગરભ ધારણ કરે નહીં લીબોળીના તેલમાં પોળવાં રતુ સમય યોનિમાં રોજ પાંચ મુકે તો કદી ગરભ રહે નહીં.

"હુનર સંબંધી."

કોઇ પણ જાતના બીંજનું તેલ કાઢવાની રીત.

(બદામ, કાજુ, એરંડી, નેપાળો, કરંજ વીગેરેનું તેલ)

૧ જો બદામ અથવા બીજા બીજનું તેલ કાડવું હોય તો નીચે પ્રમાણે કરવું. જો બદામનું તેલ કાઢવું હોય તો તેના બીજ પાઘડી ઉના પાણીમાં પલાળી રાખી પછી કોરાં કરી સણના લુગડામાં ભુસીનાંખી, ફોતરાં કાઢીનાંખી બીજ સ્વચ્છ કરવાં. પછી પથરની સારી ને સ્વચ્છ ખરેલમાં નાંખી સર્વ એક જીવ થાય ત્યાં સુધી ખુબ બારીક વાટવાં પછી તેમાં એલચી, તજ, લવીંગ, જાયફળ, આદી જેની સુગંધી મેળવવી હોય તેને વાટી તેનો જરા ભુકો નાંખવો. પછી તેમાં મળી જાય ત્યાં સુધી ખરલવું. પછી તેમાં સુકી દ્રાક્ષ (કાળી અથવા ધોળી ગમેતેવી ચાલશે) ને પાણીથી ધોઇ લોઇ નાંખીને અંદરના દાણા કાઢાડી નાંખવા. પછી તેમાંથી છ કે સાત દાણા (બદામ વધારે હોય તો વધારે) તેમાં નાંખી ખુબ ખરલવું. તે જેમ એક જીવ થતું જશે તેમ તેમ તેમાંથી તેલ નીકળતું જશે; ને બીજના મળનો ખોળ બાજશે. જેમ તેલ નીકળતું જાય તેમ ખરેલ ત્રાંસી કરીને હાથના આંગળાથી કાચના ઠામમાં કાઢી લેતા જવું. છેવટ જ્યારે તેલ નીકળી રહે ત્યારે તેલને સીસીમાં નાંખી બુચ દઇ રાખી મુકવું.

૨ ઘણું તેલ કાડવું હોય તો ઘાંચીની ઘાણીમાં તે બીજોને પીલવી પછી એક રસ થાય ત્યારે ઉપર પ્રમાણે દ્રાક્ષ નાંખવી તો તેથી

પણ તેલ સાફ નીકળશે.

૩ જે ચીજોનું તેલ કાડવું હોય તે ચીજોને શેકી ખાંડી તેને તેનાથી આઠગણા પાણીમાં ઓરી ચુલાઉપર ઉકાળવું. પાણી બધુ બળી જાય તે પછી ઊપર તેલ તરી આવશે તે તેલ એક વાસણમાં કાઢી લેવું તે નીચે ખોળ રેશે.

ચમતકારી પ્રયોગ.

કાચ કાપવાની રીત.

ટરપીંટન તેલમાં એક દોરી ભીંજવી ને તે આપણને જે કાચ જે પ્રમાણે કાપવો હોય તે કાચ ઉપર પ્રમાણે તે દોરી મુકવી પછે તે દોરીને દીવાશળીવતી શળગાવી દેવી એટલે પોતાની મેળે કપાઈ જશે.

સોનેરી તથા રૂપેરી શાહી બનાવવાની રીત.

આપણને સુનેરી અથવા રૂપેરીમાંથી જે સાહી કરવાની મરજી હોય તે જાતનો વરક લઇ તે મધમાં નાંખી ખરલમાં ઘુંટવું તેનો જ્યારે મીંણસરખો લોંદો થાય ત્યારે એક કાચના ઠામમાં નાંખીને તેમાહેલુ મધ નીકળીજવા સારૂ તેમાં પાણી નાંખી આગળીએ ખુબ ઘુટવું. જ્યારે બધું મધ પાણીમાં ગળી નીકળી જાય ત્યારે તે પાણી કાઢી નાંખવું. અને હેઠે વરક નાંનો ભાગ રહે તે સુકવી દેવો અને તે ભૂકો સીસીમાં ભરી દેવો. પછી જ્યારે સાહી કરવી હોય ત્યારે તે ભુકામાં ગુંદરનું પાણી મેળવવાથી સાહી તૈયાર થઇ સમજવી. એ સાહીએ લખેલા અક્ષર સુકાણા પછી તેને હાથીદાંતના અગર બીજા કોઈ લીસા પદારથથી ઘુંટવા. એટલે આબેહુબ સુનેરી અક્ષર દેખાશે.

કાથાની ગોળીઓ કરવાની રીત.

સફેત કાથો શેર ૧ એક, લવીંગ તોલા ૩ ત્રણ, એલચી તોલા ૬, જાવંત્રી, જાયફળ, એ પ્રત્યેક તોલો ‌ાા અરધો એવી રીતે જ-જણશો લઈ કાથાને વાટી ભૂકો કરવો. તેને ચાળીને કેવડાના પાનમાં બાંધવો. વીસ કલાક સુધી બાંધી મુકવો. અને બાકીની જણશોને બારીક વાટીને તેમાં મેળવી દેવી. પછી કેસર માસા ૪ લઈને તેને પાણીમાં નાંખી તેમાં ઉપલી મીશ્રણ મેળવવી, એક પોહોર સુ-ધી ભીજવી મુકવું. પછી કસ્તુરી ‌ાા અરધો માસો લઇ જરાક પા-ણીમાં વાટીને પાણીનો હાથ દઈ તેની ગોળીઓ વાળવી. આ ગો-ળીઓ ઉત્તમ પ્રકારની થાય છે.

બીજો પ્રકાર.

સફેત કાથાની ભુકી દુધ ઊપરની તળમાં મેળવી કેવડાના પા-નમાં બાંધી મુકવી. પછી તેની ગોળીઓ કરવી. તે હલકી થશે.

વીંછીનો સેહલો ઉપાય.

૧ સંધેસરીનું મુળીયું ઉપર અડાડવાથી અથવા ચોપડવાથી પણ વીંછી ઉતરી જાય છે.

૨ દીવાશળી નં. ૫–૭ પાંચ સાત પાણીમાં ભૂકરા પાણા ઉ-પર ઘસી ચોપડવાથી પણ વીંછી ઉતરી જાય છે.

૩ જાંબુડાના પાંદડાનો રસ ચોપડવાથી પણ વીંછી ઉતરી જા-ય છે.

૪ ગંધકનો ધુમાડો દીધાથી પણ વીંછી ઉતરી જાય છે,

૫ સુકી હલદરનો ગાંઠીઓ પાણીમાં ઘસીને જે ઠેકાણે વીંછી

કરડયો હોય તે જગાએ ચોપડવો અને પછી તે ઉપર શેક કરવો. બનીશકે તો છથી આઠ આની ભાર અફીણનો ભૂકો કરી દેવતા ઉપર નાંખતાજવાં અને તેની ધુંણી ડંખેલા ભાગ ઉપર દેવી. તેથી ફરી દસ પંદર મીનીટમાં ઝેર ઉતરી જાય છે. જેમ શેક વધારે થાય તેમ વધારે ફાયદો થાય છે.

સાપના ઝેરનો ગામઠી સેહેલો ઉપાય.

૧ એરડાના પાનનો રસ ચાર ચમચીના સુમારમાં લઇ તેમાં થોડું પાણી નાંખીને તે દરદીને પાવું, અને એજ ઝાડનાં પાંદડાં અગ્નિ ઉપર ગરમ કરીને થોડી થોડી વારે ડંખેલા ભાગ ઉપર બાંધવાં. અગર જો પ્રથમ પાયેલા ચાર ચમચી ભાર એરડાનાં પાંદડાંના રસથી દરદીને વામીટ (ઉલટી) નહી થાય તો તેટલુંજ તે અરધો કલાક પછી ફરીથી પાવો. એટલે દરદી ઉલટી કરશે, અને તે વામીટ રસ્તે લીલા આકારનું ઝેર નીકળી જઇ ને દરદીને તુરત આરામ થશે.

૨ અરીઠા તોલા ૧૦ ને આશરે લઇને તેમાંથી ઠરીયા કાઢી નાંખવા. તે અરીઠામાં પાણી શેર ૧ એક ને આશરે નાંખવું, તેના ફીણ કરવાં. પછી તેમાં ખડીઓખાર (સોની વાપરે છે તે) વાલ ૪ ચારને આશરે નાંખીને તે મેલવણી ડંખેલા ભાગ ઉપર પંદર મીનીટ સુધી નાંખ્યા કરવું તે એવી રીતે કે પ્રથમ કપડાનો એક કટકો ચોવડો કરી, એ મેલવણીવાળા પાણીથી ભીજવીને મુકવો, ને પછી તેના ઉપર એ મેળવણીનું પાણી નાંખ્યા કરવું. એ રીતે કરવાથી ગમેએવો ઝેરી સાપનો ડંખ હશે તો પણ મટી જશે. પણ ડંખ લાગ્યાને વધારે વાર થઇ હશે તો તે ઉપાય કદાચ કામ નકી લાગે તો તે વેળાએ મેળવણીનું પાણી ડંખ ઉપર લગાડવા સાથે ર-

પીઆ બે ભારને આશરે તે પાણી બે વખત દરદીને પાવું. જેથી આરામ થશે.

ઉપર બતાવેલી દવાથી ઘણાં માણસોને આરામ થયો છે ને હવે પછી પણ થાશે, એવી આશા રહે છે.

વીંછીનો સેહલો ને ગામઠી ઉપાય.

વીંછીના ડંખનો ઉપાય—એક લોઢાના વાસણુ મધે કોઈ પણુ જાતનું તેલ રેડવું, તે જ્યારે કડકડ થાય ત્યાં સુધી ગરમ કરવું, અને પછી તેમાં આકડાનાં પાંદડાંને બારીક કુટીને તાબડતોબ તેલમાં નાંખી દેવાં. અને તેની ગરમ ગરમ બાફ યાને વરાળ ડંખેલા ભાગ ઉપર આપવી એમ ત્રણુ ચાર વાર કીધાથી વીંછીના ડંખનું ઝેર તરત નરમ પડી જશે અને દરદી થોડા વખતમાં સાજો થઈ જશે.

હથીઆરને કાટ ન લાગે તેવી રીતે કરવાની રીત.

ચરબી અગર ઘી, એક પૌંડ, કપુર એક ઔંસ, અને સીસાપેનનો ખાંડેલો ભુકો બે દ્રામ, હીરાદક્ષણુ બે દ્રામ, એ બધાને બારીક વાટીને એકઠું દરી દેવતા ઉપર મુકી એકજીવ થાય ત્યાં સુધી ઉનું કરવું પછીથી હથીઆર ઉપર લગાડવું, એટલે તે ઉપર કાટ નહી ચડેશે.

કંકુ, ચાંડલાનું કરવાની રીત.

શેર ગાંગડા હરદળના પાણીમાં પલાળવા, પછી તે છોલી ઉપરની છાલ કાઢ્યા પછી તેને થોડીવાર સુકવવા, સુકવ્યા પછી સવાંગી તોલા ૨ બે, પાપડીયો ખાર તોલા ૨ બે, એ બે ખાંડીને લીંબુના રસમાં નાંખવાં, અને તે રસનો પટ હરદળના ગાંગડા ઉપર ચડાવવો, જેટલો રતાશ વાળો રંગ કરવો હોય તેટલી વખ્ત સુકવ-

નાજવું, ને પટ દેતા જવું. એવી રીતે પટદઇને પછી સુકવ્યા ને પ-છી ખાંડીને તેને લુગડે વતી ચાળીને રાખી મુકવું. એટલે કંકુ તૈ-યાર થયું.

ઉતમ પ્રકારની અંગ્રેજી કાળી શાહી બનાવવાની રીત.

હરડેદળ જાડું ખાંડેલ શે. ૦ાા અરધો, પતંગના લાકડાનાં છોડાં રૂા. ૧૦ દશ ભાર, હીરાકસી શેર. ૦ા પા, બાવળનો ગુંદર રૂ. ૭ાા ભાર, મોરથુથુ રૂ. ૨ાા અઢીભાર, એ બધું ખાંડીને એકઠું ક-રવું. પછી ૧૨ બાર શેર વરસાદનું પાણી અગર ઝરાનું પાણી લઇ તેમાં હરડેદળને પતંગના છોડાં નાંખી થોડે તાપે અરધ પાણી રહે ત્યાં સુધી ઉકાળવું. પછી તેમાં બાકીના પદાર્થોનો ભુકો નાંખી દેવો, પછી ગુંદરને ઉના પાણીમાં રસ કરી તેપણ અંદર ઓગળાવી દેવો પછી તે મીશ્રણને બે ત્રણ દીવશ સુધી એક ઠેકાણે રાખી મુકવું, તેને ઘડીએ ઘડીએ હલાવ્યા કરવું. પછી તેના સીસા ભરવા.

કાળી શાહીની ભુકી બનાવવાની રીત.

હીરાકસી શેર ૦ાાાદોઢ પાશેર હરડેદળ રૂ. ૫ પાંચભાર ગુંદર તોલો ૦ાાા પોણો એ બધાને ખાંડીને તેની ફાકી કરી રાખવી. પછી જ્યારે જરૂર પડે ત્યારે થોડીક ફાકી લઇ પાણીમાં નાંખી એટલે શાહી તૈયાર થસે. એફાકીને પાણીમાં ઉકાળવાથી ઘણીજ સરસ સાહી બનેછે.

કાળી શાહી બનાવવાની બીજી રીત.

માયાફળ ખાંડેલ શેર. ૧ાા દોઢ, હીરાકસી શેર ૦ાાા પોણો, બા-વળો ગુંદર શેર ૦ાા અરધો, પતંગનાં છોડીયાં શેર ૦ાા અરધો, પા-ણી શેર ૨૦ વીસમાં પતંગનાં છોડીયાં અને માયાફળ નાંખી શેર ૧૫ પંદર પાણી રહે ત્યાં સુધી ઉકાળવું. અને તેમાં પછી બાકીની

જણુસો મેળવવી, તે એક જગોમાં પંદર દીવશ સુધી રાખી મુકવું. વખ્તે વખ્તે હલાવવું. પછી સારી સાહી તૈયાર થશે.

ત્રીજી રીત.

માયા, ખાંડેલા શેર ૩ ત્રણ, અને ગુંદર હીરાકસી પ્રત્યેક એક એક શેર, સુરકો સાડાસાત શેર પાણી શેર પંદર એબધાને એક વાસણમાં ભેળાં કરી પનર દીવશ સુધી રાખી મુકવું, વખ્તે વખ્તે હલાવવું, તેથી તે સારી સાઇ તૈયાર થઈ રહેશે.

લીલા રંગની સાઇ કરવાની રીત.

જંગાલ રૂ. ૨ાા અઢીભાર, લઇને તેને વાટી ઝીણો ભુકો કરવો, તેમાં દોઢ શેર સુરકો મેળવવો તેને પછી ત્રણ ચાર દીવશ રાખી મુકવો, પછી ગાળી કાઢી તેમાં રૂપીયા અઢીભાર ગુદરનો ભુકો મેળવવો, એ પછી લીલી સાઇ તૈયાર થઈ.

પાણી, ચોખુ નથી હોતું તેથી શરીરમાં બગાડ જણાય છે વાસ્તે ચોખુ કરવાની રીત; નદીનું પાણી ભરી લાવી ને તેમાં થોડી ફટકડી નાંખવી. તે ગળી જાય એટલે તેમાં પાપડીયાખારનું પાણી રેડવું. એટલે જે મેલું પાણી હોય તે બધું સાફ થઈ જસે, ને તેમાં ખારનો યા ફટકડીનો સ્વાદ પણ આવશે નહીં.

નાવાથી દીલ સાફ કરવાની રીત

કંટોલ તથા ચણાનો લોટ લઈ જરા ફીણી પછે દીલે ચોપડવું. ને પછી ઉને પાણીએ નાહાવું, તેથી રેશમ જેવું દીલ સાફ થશે.

સરબત કાડવાની રીત

હરડેદળ શેર એક, અજમો શેર એક, જુનો ગોળ શેર બે પાણી

શેર પંદર—જુનું લોઢું શેર ૭ એ સર્વે એક વાસણમાં મુકીને જ્યાં ઘોડાની લાદ નાંખતાં હોય તે નીચે દાટવું. કદાપી તેપણ નહી મળેતો ગાયની કોડમાં દાટવું તે દીવશ પંદર પછી બહાર કાઢવું. પછી તેમાંથી લોઢું કાઢી લેઈ તે સરબત, પુરૂષ, તથા સ્ત્રી પીયે તો તેના જાત જાતના આજારી મટે. હર્ષ, પીંડરોગ, કમળો, સુસ્તી, તથા દમ, મટે; શરીરના રોગ જલદ હોય તે જાય સોજો, ખરેલ. હાફ્ણ, મુબારખી, સુળ, વાગોળો તથા પેટના ભાત ભાતના દરદો મટે કાચો, બલગમ, પેટના ચોદાગાનું તમામ પકવી ને બાહાર કાઢી નાંખે, એનો એટલો બધો ગુણ છે કે કલમથી લખવાની તાકત નથી.

ગુલાબનુ તેલ કાઢવાની રીત.

ગુલાબના ફુલની તાજી પાંખડીઓ લેઇને એક પોહાળા મોઢાના કાચના શીશામાં અથવા હરેક વાસણોમાં નાંખી તે ઉપર તલનું મીઠું તેલ રેડવું કે તેથી પીળી ફુલની પાંખડીઓ ઢંકાઇ જાય. પછી તેનું મોઢું બુચ અથવા દાટો દઇ બંધ કરવું ને ગણા દીવશ સુધી તડકામાં મુકવું. પછી બાહાર કાઢી ચોળી ગોળી લેવું. જો તે તેલ ઘણુંજ જલદ કરવું હોયતો ગુલાબના ફુલની બીજી મોશમ આવે ત્યારે કરીને તેજ તેલમાં બીજા ફુલ નાંખીને તે ઉપર કહ્યા મુજબ કરએજ રીતે ચંબેલી મોગરા વિગેરે ફુલનું તેલ નીકળે છે.

ન દેખાય તેવી શાહી.

લીંબુના રસમાં કાગળ લખ્યાથી અક્ષર દેખાશે નહીં પણ પછે પાછો તેને દેવતા ઉપર ઉનો કરવાથી અક્ષર સાફ દેખાશે.

બીજો.

અળસીનું તેલ ૧ ભાગ. એમોનીયા ૨૦ ભાગ. સાદુ પાણી

૧૦૦ ભાગ ને શાહી મેળવી ને પછી લખવું એટલે દેખાશે નહીં પણ જો પાણીમાં બોળશે તો દેખાશે.

મોંમાં દેવતા રાખવા વીષે.

ગરેઠીના દોડવા બે ચાર ચાવીને પછી મોમાં દેવતા રાખવો તેથી મોં બળતું નથી એમ ઇચ્છારામ કહેછે.

હાથમાં દેવતા રાખવા વીષે.

કુંવારનો રસ તથા ભીંઠાનું પાણી લઇ હાથે ચોપડતા જવું, એક કાકડો લઇ પાસેર તેલમાં બોળી તેને સળગાવવો, ને તેના જે ટીપા પડે તે હાથમાં ઝીલવાં, તે ઉપર લખ્યો રસ ચોપડતા જવું એટલે હાથ બળશે નહીં.

ફુલ લાલનું સફેત ને સફેતનું લાલ કરવાનો પ્રયોગ.

રાતી કણેરનું ફુલ લાવી તેને ગંધકનો ધુપ દેવાથી સફેત થશે, પાછું તેને રાતુ બનાવવા સારૂ ગોળનો ધુપ દેવાથી થશે.

લીંબુ ઉડવા વીષે.

લીંબુમાં પારો તથા વીંછીનો કાંટો નાખી તડકે એક કલાક મુકસો તો લીંબુ ઉડશે.

કવિતા સંબંધી.

ગણુપતી સ્તવન.

તુજ્યા શરણુ આલોરે; ગણાધીપતી તુજ્યા શરણુ આલોરે. ટેક
તુજ્યા શરણુ આલો, તાહીવર તુહી દેલો, અભય અમર કહેલોરે ગ૦ ૧
એસે દીનબંધુ દાતા, સોપદ સુરદાતા, વેદનિતી નિતી ગાતારે. ગ૦ ૨
સેવું નીત તુજ પાય, દેવતા સુખદાય, ગણુપતિ ગુણ ગાય. ગ૦ ૩
બાળાપણુ એળે ખોયું, જોબન મેંનવ જોયું તારૂણીસું મનમોહ્યું. ગ૦ ૪
અમૃતરાવ સેવેપાય, સરણુથી સુખ થાય, ગોવીંદ ગુણુ ગાય. ગ૦ ૫

ગરબી.

ભોળા ભોળા શંભુ તમને વીશ્વ વખાણેરે,
મુળની વાતો તમારી કોઇ ન જાણેરે.
જોગીંદ્રપણું શિવજી તમારૂં મેં જાણ્યુંરે,
જટામાં બાલી આ કયાંથી આણ્યુંરે. જોગી૦ શીવજી ટેક. ૧
કોઈ લાવે હાથે ઝાલી કોઇ લાવે કેડે બેસાડી;
જટામાં ઘાલીને શીવજી આ કયાંથી આણ્યુંરે. જોગી૦ ૨
પેહેરી પીળી પટોળી ને અંગેછે ગોરીરે,
સીદને છુપાવો શિવજી છતી થઈછે ચોરીરે. જોગી૦ ૩
નારે માનોતો શિવજી જટા છોડાવુંરે,
જટામાંથી નીકળેતો ફેર ન બોલાવુંરે. જોગી૦ ૪
ભસ્મ લગાવી શિવજી વાળ્યો આડો આંકરે,
આવારે લક્ષણે પાણી નહીં પાઊં ટાંકરે. જોગી૦ ૫
આક ધંતુરો શિવજી વીજ્યાના ભોગીરે,
ગોવીંદનો સ્વામી જુનો છે જોગીરે. જોગી૦ ૬

રાગ સામેરી.

પોહોડે સીવરાય ગીરી કૈલાશ, શિવ હાંરે સેવક જનને સહાય કરીને
પુરો મનની આશ. પો૦ ટેક. ૧
બ્રહ્મા સ્તુતિ કરે, નારદ નાચે; કુશગ વૃષ્ટી થાય, જેજે ત્રિલોક સ્વામી;
સૌને કરજો સાહાય. પો૦ ૨
અડધાંગે ઉગીયા ગૌરી; ગંગા તમારી પાસ, સર્વે સુખ એક જોગ-
માંરે; અખંડ બ્રહ્માંડમાં વાસ. પો૦ ૩
માત તાત ને ભ્રાત માહરે, સ્વામી મન વિસ્વાસ; કરજોડી કરૂં વીનતી;
ગોવીંદ તમારો દાસ. પો૦ ૪

રાગ ધ્રુપદ.

બંસીધર, પીનાકધર. ગિરધર, ગંગાધર, મુગટધર, જટાધર, ઓહો
શ્રી હરીહર બંસિ. ટેક. ૧
ક્ષુધાધર, વિખધર, ધરણીધર, શશિધર, ગોપીશ્વર, નરહરી સીવશં-
કર બંસિ. ૨
ચક્રધર, ત્રિશુળધર, શંખધર! ડમરૂધર, ચંદનધર, ભસ્મધર,
પ્રાણીસુર ઈશ્વર, તાનશેન કહે કૃપા કીજે, ત્રિલોચન ધર, લોચન
દીજે વીખ્યાખાની બંસિ૦ ૩

રાગ ધનાશ્રી ધ્રુપદ ચોતાળ.

પ્રથમ મણી ઓંકાર, જ્ઞાનમણી સુખદેવ, દેવમણી મહાદેવ, બ્રહ્મા.
પ્રથમ. ટેક ૧
રાજમણી ઈંદ્રરાજ, ધ્યાનમણી ગોરખ, વિદ્યામણી સરસ્વતી, નદીય-
મણી ગંગા. પ્રથમ. ૨

ગીતનકો સંગીત મણી, સંગીતકો અક્ષરમણી, અક્ષરકો સુરમણી, નૃરતમણી રંભા, પ્રથમ. ૩
કહે તબ સુનીયો ગોપાલલાલ, ગોવીંદ દીનમણી સુર, રેહેનકો મણી ચંદા. પ્રથમ. ૪

રાગ ગોડી.

ચર્ણે રાખો હો ત્રીપુરારી; હાંરે મને ચર્ણે રાખો હો ત્રીપુરારી,
આગે તો તમે અનેકને તાર્યા; જેણે સેવા કીધી તારી. હાંરે. ટેક ૧
એક બીલીના પત્રજ માટે; ચંડાલણી તમે તારીરે,
એવા શંભુ ભોળા છોજી; વિમાન વેગે સધારી. હાંરે. ૨
બીલે ભસ્મ ચઢાવી જેવારે, આરતી લાવી મુઈનારી,
અષ્ટોતરે ખંડે એની કથા છે; સાંભળીએ ચીત્તધારી. હાંરે. ૩
ભગીરથના તપ કારણ; ગંગાજી શિરધારી.
ગોવીંદ કહે મેં ભક્તિ માગી; શિવજી આપો જાઉં વારીરે હાંરે ૪

ઠુંમરી.

ભોળાનાથ ડીંગબરરે દુઃખ મેરા હરૌ, ટેક.
ચંદન અક્ષત બીલીકી પતીયાં; શિવજીકે મસ્તક ધરોરે. ભોળા. ૧
અરધંગે ઊમીયા સનમુખ ગજાનન; કોલમેં ચંદ્ર ચરોરે ભોળા ૨
ત્રીનેન નામે ભભુત લગાયા; શિવ જટામેં ગંગા ઝરોરે. ભોળા. ૩
ગોવીંદ કે પ્રભુ સાંબ સદાશિવ; તેરે પાંઉ પરોરે. ભોળા. ૪

પદ.

જન્મ જાય છે મનુષ્યનો આ, તે નથી પાછો મળવાનો;
ફરી ફરી માનવ દેહ, નથી તું ભવમાં ભળવાનો. ટેક.

જાણે છે જે બળી ગયા બહુ, કાળ ઝાળમાં બળવાનો;
પત્તો ન લાગ્યો લગાર તેનો, નથી તાપ એ ટળવાનો; જન્મ.
નહીં છોડશે મોત કદાપી, વખત નથી તે કળવાનો;
આવી અચાનક એક દીવસે, અરે એજ છે ગળવાનો. જન્મ.
કોઈ પ્રાણી નથી અચળ જણાતુ, નીયમ નથી એ ચળવાનો;
સર્વ સંત કહે મુખથી વાણી, ભજને જન્મ ફળવાનો. જન્મ.

ત્રોટક.

ભવ સાગર છે ભય રૂપ અતી પરમેશ વીના નવ કોય પતી;
નથી સિદ્ધિ લગાર થતી ધનથી, ક્ષણભંગુર દેહ ગણો મનથી.
ઘડીએક વિષે શુખ પ્રાપ્ત થશે, પળમાં વળી તે લય પામી જશે;
તજી રાગ અસત્ય વિવેકી ઠરો, અભિમાન તજી જગ મધ્ય ફરો,
ઘટમાંથી તમામ વીકાર હરો, સતરૂપ બની સતમાં વિચરો;
પર-કામની જે તૃણ માત્ર જાણો લલ્લુતા દુનિયા તણે સઘ હણો.

શાર્દુલ વિક્રિત છંદ.

સંગે કોય ન આવશે કદી ભલે, કોટી ઉપાયો કરે;
સારા કાર્ય કર્યાથી જે યશ મળે, સાથેજ તે સંચરે;
આ સંસાર વિનાશ વંત ગણવો, સાચુ જરા ના મળે;
સાચી એકજ સેવના હરી તણી, સૌકષ્ટ જેથી ટળે.

દોહરો.

જોગી હોકે ફીર જંગલમે, અંગ લગાવે ભભુત,
"દમડી ખાતર દેહ જલાવે એ જોગી નહીં જગધુત.

ઇંદ્રવિજય છંદ.

વેદ ભણ્યો પણ ભેદ લહ્યો નહીં, તો પછી વેદ ભણ્યોજ અસ્થો;

રામતણું મુખ નામ ભણે પણ, કામ કરે તજીને સત રસ્તો;
દેવળમાં જઈ જોડી રહે, પ્રતિમાની સમિપ ઉભી દૂધ હસ્તો;
નિતી અને ખરિ ભક્તિ વિના લવ, મારગ એ નહીં ગુણુ સસ્તો.

સહર.

ભાગ્ય ભલાં જનના જવ હોય, મળે તવ સંત મહા સુખકારી;
છેજ અલોકીક સંતતણું સુખ, સંત વિના નહીં કો દુઃખહારી;
સંગ કરે જન ઉત્તમનો સમજે, તવ ઉત્તમતા ઉરસારી;
સજન સંગ અનુપમ રત્ન કરે, મનરંજન તે નિજધારી.

લાવણી.

કારી બાદરીયાને ગર લઈ રે,
દેખો સૈયા કર કારી બાદરીયાને ગર લઇ રે. ૧
કારી ઘટા જોર કરે બીજુરી ડરાવે,
કારી બાદરીયાને ગર લઇ રે. દેખો૦—૨
ઝીની ઝીની બુંદીયા બરશે,
અમુરતી ઝબક ઝબક સારી હુખ ગઇ રે;
પરત ફુંવાર મેરો ભીજત સીગાર,
મોરી અંગીયા બીગાર દીરે;
કારી બાદરીયાને ગર લઇ રે,
દેખો સૈયા કર કારી બાદરીયાને ગર લઈ રે. ૩

લાવણી.

ખુશ રહો સનમ મેરા બીધાતા બેલી,
ગુલશનમેં માહર ખડા ખડા રોતા હે;
ગુલ દુર ગયા ફીર હસ નહી હોતા હે,

ઈશ્કજાન સમજો જેસ ખુલ ખુલ પાની;
કાહાં ગયે બાદશાહ વજીર રાજા રાણી,
હાકમ કે રૂબરૂ જબ દીલદાર ચલોગે;
તમ મેરી કસમ સચ કહો કયા કયા કરોગે,
જેસી ડાલી ફુલેસે ડોલ ગુગલાયાથી;
કાહાં ગયે બાદશાહ વજીર રાજા રાણી,
ખુશ રહો સનમ જા મેરા બાંધાતા.બેલી,
ગુલશનમે બાહેર ખડા ખડા રોતા હે.

લાવણી.

નોકરી મત જાના દીલદાર, ચાકરી મત જાના શરદાર. ટેક.
તેરે ઘરમે લખ ભંડાર, નોકરી મત જાના દીલદાર; ચા૦ ૧
પીયાકે શીરપે પગડી કસુબી, જાગા હે જરીદાર. નો૦ ૨
કમરસેં લગી ઢાલ તરવાર, નોકરી મત જાના દીલદાર. ચા૦ ૩
ચાર બાજુ ચાર મેહેલ બનાદઊ, બીચમે રહી ગુલજાર. નો૦ ૪
બન ઠન રહો ગોરીકે યાર, નોકરી મત જાના દીલદાર. ચા૦ ૫
બાધ પકડકે ખડી કામની, મુજે માર તરવાર. નો૦ ૬
ખુસીસેં ચલે જાવ દીલદાર, નોકરી મત જાના દીલદાર. ચા૦ ૭
બારા બરસકી ચગલા સુંદર, તેરા બરસકા ભ્યાર. નો૦ ૮
ચાર સખીની જોડી તારી, ખુબ બની કીરતાર. નો૦ ૯

વીદુષક અથવા રંગલાનું ગાણું.

હુ બની બનાવું, રંગ ઉપજાવું, હસવું લાવું, ખડ ખડ ખડ
બહુ ફરેબ લગાવું, ક્રોધ જગાવું, આંસુ પડાવું દડ દડ દડ
વળી સુહુને નચાવું, તોબાં કરાવુ, બહુ વસાવું ભય ભય ભય

સહુ ખોડ છુપાવું, બહુ જસ પાવું, સહુને અપાવું જય જય જય

વીદુષકનું ગાણું.

મુછ દીસે અજ શ્રુગ સમાન, શ્રુભ સાવરણી સમ દાઢી;
નાક નવીન પ્રકાર તણું, અવળી જેમ વીના થૃન વાઢી;
પાઘડીનો પણ બેશ બનાવ, તળાવ વચે જેમ ટેકરી કાઢી;
ભાંડ કે ભાટ હશે કહે કોઈક, કોઈક ધારી શકે વળી ઢાઢી. ૧

સવૈયો.

વાંચી પ્રવાસની વાત વીશાળ, અહો ધનવંત વીચાર ધરોરે;
ઉંદર રહે જેમ દરમાં, ઘરમાંજ ઘણાઈ તમે ન ઠરોરે.
દેશ વીદેશ વીશેશ જુવો, દલપત કહે દીલમાં ન ડરોરે;
બુદ્ધિ પ્રકાશ પ્રકાશીત તમે, તજી ઘરવાસ પ્રવાસ કરોરે. ૧

વોદુશકનું ગીત લડાઇમાં હુસીઆરી.

મારે તેની પાછળ ચાલું, ભાગે તેની આગળ થાવું;
કદી લડાઇ શરૂ થઇ તો, બુમો પાડી નાશી જાઉ;
પુરવમાંથી બુમ પડે તો, પશ્ચિમ દીશામાં ઊભો રહું;
દક્ષીણમાંથી આવે લશ્કર, તો હું વાટ ઉત્તરની લઉ;
માખો મારૂ પાખું તોડું, દાંતે માંખણ ચાવી ખાવું;
સો મુકીથી પાપડ ભાંગું, એવો રજપુત હું કેહેવાઉ;
નાના બાળક બુમો પાડી, રડતાં હોય તો કદી ન બીઉ;
તરસ વધારે લાગી હોય તો, બે ચાર લોટા પાણી પીઉ.

મીત્રતાની જુદાઇ અને જખમ.

દરદ દીલ દરદીજ જાણે, અજાણ્યો તો અંદેશોજ આણે.
દરદ દીલ. ટેક

પાણીથી દુર લગાર પડયા થકી તરફડે મચ્છ જે ટાણે;
હાડીયાને મન હસવું આવે અને ઠીઠી હસે તે ઠેકાણે. ૬૨૬૦
ચાંદમાં ચીત ચકોરનું ચોટયું તે વાકેફ હોય તે વખાણે.
પોતાના જીવને પીડા પડી હોય તે પારકો જીવ શું પીછાણે. ૬૨૬૦
ચમકની તરફ ખેંચાય લોહક તેને કહો કોણ તાણે;
અકળીત કારણ એ અસાધારણ પ્યારનું એજ પ્રમાણે. ૬૨૬૦
સુખની ઘડી તેને સ્વપન મળે નહીં, ટળવળીને તજ પ્રાણે;
ગોવીંદનો જીવ તેમજ તરસ્ટે, બંધન પ્યાર બંધાણે.
જાણેછે અંતર એક બીજાનું, ગાઈ બતાવે શું ગાણે. ૬૨૬૦

વીદુષકે મશકરીમાં ગાએલું ગીત ઠુમરી.

મુછના ગોટા મોટા, તારી મુછના ગોટા મોટારે. ટેક.
દીસે સરસ તારી આંખના ડોળા, જેવા પાણીના પરપોટા. તારી૦
જે જન તારૂં વખાણ કરે નહીં, તેતો ખરેખર ખોટારે. તારી૦
દાઢીના વાળ વીસાળ દીસેછે, છેક નથી તે છોટારે. તારી૦
જો ટ્ટદી જોઇએ સઘળી નીહાળતાં, તુજ સરખાના તોટારે. તારી૦
દુખરીશાહ ઉમરાવ દીસે, જેવાં સુખડના સોટારે. તારી૦

વીદુષકની કૂરતાજ

જંગલી બાદશાહજાદો મારૂં નામ, જંગલી બાદશાહજાદો મારૂ નામ;
બખેડા લગાડવા તે બંદાનું કામ— ટેક.
ગટર પટર કરીને, છોડાવી જાણું દામ, જેને ઘેર જઇને રહું,
ટાળું તેનો ઠામ, બખેડા લગાડવાનું બંદાનું કામ. ૧
હલાલ ચીજ હાથન ઝાલું, હોય જો હરામ, સાચવાને સોંપે તેનું,
તપરાવી તમામ, બખેડા૦

સારી જાતનો સરાબ, જો હું પીવું જામ, બહુ ખુસીથી ઘેલો બની, નાચુ કુદું આમ. બખેડાલ.

બોલતાં મોઢે બોલ, લગારે રાખ્યું નહીં લગામ, હવેતો મને ઓળખો હશે શાહેબો શલામ, બખેડા લગાડવાનું બંદાનુ કામ.

રાગ શોહેણી

કીસીસેં દુસમનાઈ ન કીજીએ, ડરીએ ભલા ઇશ જુગમેં. કી૦

ઈસ જગમે જીવન થોડો, કાઈકું બુરાઇ સીરલીજે ભલાઇ ઇસ જુગમે કસીસે૦

અપની ના કહીએ વારી, ઓરકી ના સુનીએ બીન ગાહે વાકી નાગ નહીં લગ્એ, ભલા ઈસ જુગમે કીસીસે દુસમનાઈ ન કીજે.

સવૈયો.

સાગર પાશ સુરત્ન રહ્યાં, પણ, સાચવતો સરવે પરકાજે;
પંડીત સ્વાર્થ સિવાય કરે શુભ, ભાષણુ નિત્ય વિશાળ સમાજે;
મેઘ પરાર્થે કરે જગશાન્તિ, ખરેખર રૂત સમેજ નિવાજે;
શાજની રીત અને સમ પ્રીતુ, સુનીત સુજાણ સમીપ બિરાજે,

ગજલ. અજબ સનમકી અદાયે દેખ—એરાગ.

અનુપમ તારૂં રૂપ વિલોકી, મોહિત ચિત્ત વૃતિ બનીછે મારી;
થશે ન શાન્તિ અન્ય ઉપાયે, શાન્તિ રૂપ એક છબીજ તારી—ટેક.
કલા ચંદ્રની વદને હરીછે, કામ મુરતિ તુજ પ્રભુએ કરીછે;
જેમાં દક્ષતા ખરખરી છે, વર્ણવતાં મતિ જાયજ હારી. અનુ૦
ભાગ્યોદયથી મળ્યો મને તુ, નિમિષ માત્ર ન ન્યારો કરૂં હું;
તન મન ધન તુજને અરપુંછું, સ્વિકાર તે મમ પ્રેમ વિચારી. અનુ૦

સવૈયો.

સાર અસારનું માપ કરી નિત, હામ ધરી નયને સાર ગ્રહેછે.
જ્ઞાન સુધા તણું પાન કરે નિત, વાણી વિનોદ પ્રવાહ વેહેછે;
દીન અને ધનવાન તણું, સનમાન સમાન પ્રકાર ચહેછે;
કેશવ રંજન થાય નીરંતર, કાર્ય વિલોકો કૃપાળ રહેછે.

રાગ હોરી.

મોહની માયામાં મોહની, છે બલવંત અનંત—ટેક.
નર નારીની જોડ બનાવી, જયાં સ્નેહ ઝણું ઝરંત;
એ જબરૂં ઝરણું ઝીલનાંતો, લક્ષ ખસ્યાને ખસંત. મોહની૦
પૌષ્ટિક ભોજન અનુકુળ વાયુ, જન વૈભવથી હસંત;
કામ વિકાર પછી બહુ થાતાં, લોક અપાર ફસંત. મોહની૦
એવી મોહની આ અબળાને, સતાવવાને ધસંત;
જીતી જનાર નથી કોઈ જગમાં, અદ્‌ભુત કળ ફળવંત. મોહની૦
પારધી જોરથી મોહરૂપી બહું મારવા તીર કસંત,
મેળવી કંથ પ્રાણેશ બચાવો, જોડ જેથી વિલસંત. મોહની૦

નવાબ સાહેબ વિષે છંદ દોહરા.

શ્રી સોરઠ શુભ દેશના, બકાવેશ નરેશ;
ઊજવળ બાબી વંશમાં, ગુણીયલ વેશ વીષેસ. ૧
નરપતી નેક નવાબશ્રી, માહાબતખાંનજીનામ; ૨
પ્રગટયા પુરણ ચંદ્રમા, ગૌરવ વર્ણુ ગુણ ગ્રામ,
જીર્ણદુર્ગ પુરમાં કરી, રાજધાની રમણીક. ૩
જમદારજીવન સમા, બાહાવદીન ગુણ લીન,
દીન તણું દુઃખ કાપતા, કરતા કામ નવીન. ૪

શાલે નામે શુભ સખા, તે પણ ગુણ ગંભીર,
ગોકલજી મરદા ઘણા, નૃસિંહ નરમાં વીર. ૫
એ સઘળા મળી એકઠા, કરે રાજનું કાજ,
માહાબતખાન પ્રતાપથી, સોભા ધરે સમાજ. ૬
કરવા હીત રહીયત તણું, બહુ કીધા ઉપકાર.

હીમત વીષે.

બંદન બંધ બાજે હીમત માંહી—ટેક.
હીમત હોયતો કીમત પામે, હીમતે હીકમત જામે,
હીમત હોયતો મરદ રહે નામે, નહીતો જનોનીને ઠામે. બંદન૦
હીમત હોયતો જે મત ના હાસે, હીમતે હાસીઆરી ભાસે,
હીમત હોયતો રાસની પાશે, નહીતો જુઠાને વાશે; બંદન૦
હીમત નહીંતો આદમી હેવાન, બીન હીમત બાયલા સમાન,
હીમત ગઈતો ઇજતગઇ સમાન, બીન હીમતે બલીઓ જાન—બંદન૦

લાવણી. ચલ બાત છાંડદે કાના—એ રાગ.

કરે રેહેમ પ્રભુસો જગપર, જંજાળી ચકર, છે ચંદ્ર સુરજને તારા,
જલ પવન કામો તારા, પાહાડોપૃથ્વીને ઝાડો, જળચર ભુચરનો અખાડો

ઝુલ.

પશુ પંખી માનવી ઘણાં, શોભા નહીં કાંઈ મણા; ટળવળે તુંજ મદદ વીના. ૧
ખરે દુનીઆપર જગપર જંજાળી ચકર, ચોમાસે વીજળી ચમકે,
રૂપેરી વાદળી ચમકે, બને મેઘ ધનુંપ બહુ સારૂં, છે પ્રભુ તુજ કામ ન્યારૂં.

ઘડીમાં ગાજે ઘનઘોર, ઘડીમાં જણાય નહી શોર, ઘડીમાં જગ ગ-રડે ડોર. ૨

આફ્ત એ જીવપર, જગપર જંજાળી ચકર. ગઈ મેછરૂત છે ઠંડી, ઠંડીપણ છે બહુ ફંદી, પગ હાથ હોઠ તે ફાટે, લેવાં ગરમ વસ્ત્ર તે માટે.

પણ લીલોતરીની લેહેર, માંહે કરે કાપણી કેહર, તોપણ પ્રભુની મેહેર. ૩

ખુશાલી મનપર જગપર જંજાળી ચકર, ઉનાળે ઊંડાં જળ જાય, ગરમીથી જગ અકળાય, ગમે વાયુ ફુલ સુગંધી, ઠંડકની ચીજો સંધી. હોય ઝીણા વસ્ત્ર તે ગમે, મન અકળાટે બહુ ભમે, સો ખુદા ખલ-ક તમે.

વરસ કરે જગપર,—જગપર જંજાળી ચકર, એવી રૂતરૂત છે ન્યારી, એ પ્રભુજીની બલીહારી, જગની રચનાછે ભારી, કોણ ગાય કવી વીસ્તારી.

નહી ટેક કલમની અણી, કરો સાહી સમુદ્ર તણી, પણ ખુબી ન-કી ન ગણી. ૫.

રેહેમ એ હમર-જગપર જંજાળી ચકર.

તપખીર રાખવા વીષે.

ડબીયાં રાખો દાંતકી, માહે ભરો તપખીર, એક ચપટી ભરી સુંઘીએ, તો મીટે મગજકી પીર, મીટે મગજ કીપીર, અંગકો આલસ જાવે, હામ કામ હોંસીયાર, આંખમે નીંદ ન આવે, કહે દીન દરવેશ, રાત દીન એહી ઝાંખો, માંહે ભરો તપખીર, ડબી દાંતકી રાખો.

દોહરો. ઉત્તર.

ચંપા કુંજમે તીનગુણ, રૂપ રંગ ઓર વાસ.
એક અવગુણ એસો ભયો, ભમર ન આવે પાસ.

જવાબ.

ચંપક બરની રાધીકા, ભમર હરીકો દાસ,
આપની ગાતા જાનકે, ભમર ન આવે પાસ.

ઉત્તર.

ત્રીયા કાહા ન કરસકે, સમુદ્ર કાહા ન સમાય,
અગ્નિ વાયુ ન પરજલે, કાળ નામ ન ખાય.

જવાબ.

ત્રીયા (પુરૂષ બીન) પ્રજા ન કરસકે, સમુદ્ર કિર્તિ ન સમાય,
અગ્નિ કાહા ન પરજળે, કાળ નાગ ન ખાય.

ઉત્તર.

સબ નદીયન કો નીર ઊજવલ રૂપ નીધાન,
શાહ પુછે કવી ગંગકુ જમુનાં કયાં ભઇ શામ.
જા દીનથે જદુનાથ ચલે, વૃજ ગોકુલસે મથુરાં ગીરધારી,
તા દીનથે વ્રજ નાયકા સુંદર, દંપતી ઝંપતી કંપતી પ્યારી.
ઊનકે નેનનકી સરિતા જો બહ, જેસે શંકર શીશ ચલે જલભારી,
કવી ગંગ ભને સુનો શાહ અકબર, તા દીનસે જમુના ભઇ કારી.

કવીત.

આનંદ કે કંદ જુગબંધ શિવનંદ, અગર કો ધુપદે નામ લીજે.
બિઘન કે હરન શુભાકરન તારન, તરનજાનકે ગૃહ જુગ જુગઝીજ્જે.

દેવ દરબાર ગજરાજ શોભા બની, પ્રેગકે કાજ નવ નોધ દીજે;
સદા સીંધૂ રમે રહત ગરકાવ, ગનેશકા નાગ લે ગવર્ કીજે. ૧
એક રદન ગજ વદન સદન, બુદ્ધી ગદન કદન સુત ગોવરીનંદ,
આનંદ કંદ જુગબંદ ચંદખલ્લું, ધાયક ધાયક સુક્રિત ધન લાયક લાયક
દ્વારીદ્ર સબ જાયક જાયક ગુરૂગુન, અનત ભન ભક્તિદંત ભવભય હરન.
જય જય દાસ નિવાસ નીધી, લંબોદર અસરન સરનં. ૨
કામ ઓર ક્રોધ મદ લોભ કે ફંદમે, ડાર જંજીર અધબીચ ઘેરયો.
નિકરવો કઠિન ભવ જારકે સિધુથેં, ટારિગેં માત સંસાર ફેરોં.
બેદ ચારોં રટે દુ:ખ સબ તુંકટે, કાલીબાન વાલી નહીં કોઇ મેરા,
ગોવીંદ કરજોડ કે અંબકે પાઉપરે, એક અવિલંબ જુગદંબ તેરો. ૩

ઉપજાતીવૃત.

વિચિત્ર દેખાવ, વિચિત્ર વાંણી, વિચિત્ર પેશાંગ; વિચિત્ર પાણી;
વિચિત્ર આ નાટક વિશ્વનામ, પેદા કર્યું તે પ્રભુને પ્રણામ.

ગ્રાહકનાં નામ.

ગ્રાહકોનાં નામ.

નકલ.

૪૦ સા. જા. સુલતાન ગમદખાંનજી જુનાગઢ.
૧૦ સૈયદ બડાસાહેબ હસનઅલી. ”
૫ સુતાર અંબાવી ઝીણા. ”
૫ રા. રા. ઝવેરીલાલ પ્રભુલાલ બુચ ”
૫ રા. વેરા ગુલાબશંકર કલ્યાણજી ”
૫ મેતા. અંબાશંકર ગૌરીશંકર લીંબડીવાળા
૨ રા. રા. નવરંગરાય છેલશંકર. ”
૨ રા. રા. કલ્યાણરાય વ્રજદાસ વૈષ્ણવ. ”
૨ ઠક્કર દુલભજી જુઠા બુકશેલર. ”
૧ ઠક્કર ધરમસી જીવરાજ ”
૧ દોશી. અમૃતલાલ ગુલાબચંદજી. ”
૧ ઠા. પ્રેમજી અમરસી. ”
૧ સુતાર ભગા મોરાર ”
૧ રા. જટાશંકર લાલજી કંટ્રાક્ટર ”
૧ ખોજા રેમતલા સાલુ કડવા. ”
૧ મી. રતનચંદ લાધાજી પતી. ”
૧ ભટ છગન ગીરજાશંકર ”
૧ મુનશી અબદલ કરીમઅલીમગદ. ”
૧ શા. સવચંદ જશરાજ રેકોલર ”
૫ દા. મોનજી પ્રેગજી બુકશેલર
૫ સેઠ. હરખચંદ જેચંદ.
૫ રા. રા. હરીપ્રસાદ સીવપ્રસાદ નાણાવટી
૫ રા. રા. ગણીભાઇ સારગધર માંકડ.
૫ રા. જયાશંકર જટાશંકરજીકાર
૫ સુતાર. ગોકળ તેજા.
૩ સુતાર જીવન મોનજી.
૨ રા. રેવાશંકર છેલશંકર.
૨ મીસ્ત્રી મધા નારણ.
૧ પટવા સોભાગચંદ કરસનજી.
૧ ગોકલ જુઠા ગીરકારકુન.
૧ ઠક્કર. પ્રાગજી જાદવજી.
૧ રા. હરીશંકર વસંતરામ.

જુનાગઢ.

૧ રા. વૈદ વંદ્રાવન કાશીનાથ જોસી.
૧ કણુસારા લાધા ધરમસી.
૧ કંદોઇ લક્ષ્મીચંદ ધારસી.
૧ મેમણ ગની કરીમ.
૧ રા. જગનાંદાસ વલભજી જોસી.
૧ રા. હરીદાસ રૂગનાથજી ભટ.
૧ રા. રા. નોતમલાલ લાધારામ
૧ રા. રા સમર્થપ્રસાદ રામજી નાણાવટી.
૧ રા. હરીદાસ લાલજી વૈદ.
૧ ભાટીયા. માણેકચંદ જગજીવંન
૧ રા. ઇચ્છાશંકર ભવાનીશંકર રે. પો.
૧ રા, રા. ઇચ્છાશંકર જીતરામ માસ્તર.
૧ મા. હીરાચંદ જીવરાજ.
૨ રા. રા. ઇશ્વરલાલ લીલાધરદાસ માંકડ.
૧ મણીશંકર માનશંકર ઓઝા.
૧ રા. ડાહ્યા ધનજીભાઇ કંટ્રાકટર.
૧ મુનસી. ગુલામ નબી. કંપોઝીટર.
૧ રા. વસંતરાય હરીશંકર નાણાવટી.
૧ દેસાઇ હેમતલાલ હરીશંકર
૧ પ્રિયભાઇ પ્રભુદાસ ગોકળદાશ.

૧ કમ્પાઉડર ગોકલદાસ ઓધવજી.
૧ મી. શીવલાલ ભુરા લીંબડીવાલા
૧ કાઠી. દેવા જેસા.
૧ રા. રા. છેલશંકર સીવપ્રસાદ નાણાવટી
૧ રા. ઝવેરચંદ કરમચંદ દેસાઇ
૫ રા. રા. માણેકચંદ ગીગાભાઇ મુંબાઈ.
૧ રા ભાઈ ગોરધનદાસ મોનજી
૪ રા. રા. વાઘજી આશારામ ઓઝા મોરબી.
૧ રા. રા ઇશ્વર મહાદેવ.
૫ રા. રા. લક્ષ્મીચંદ ઊત્તમચંદ. રાજકોટ.
૧ રા. રા વિજયશંકર મણીશંકર મજમુદાર
૨ રા. રા. દુલભદાશ જુગલદાસ દીવાંદર
૧ ડાંગર રાજા કાના ગરાસીઆ દાદુકા.
૧ વોરા અમીજી અભરામજી ભાવનગર.
૧ રા. રા. આતમારામ નારણજી ત્રવાડી
૧ રા. પુરૂષોત્તમ કકલ. બોટાદ.
૧ રા. રા દામોદર ખુશાલ
૧ રા. રા. લક્ષમીચંદ મકન ધ્રાંગધ્રા
૧ રા. રા. રૂપશંકર ઉદેશંકર ઓઝા બગસરા
૧૦ રા. રા. વલભજી વીટલજી મારફતે વેરાવળ
૧ રા. ગવરીપ્રસાદ જાગશંકર

વેરાવળ

૧ રા. રા મણીલાલ ગોપાળજી
૧ મા. લાધા સ્વચંદ
૧ રા. રા છભાઈ રસીકદાસ
૧ ઠા. વાલજી ડોસા વેપારી.
૧ રા. તુલજારામ પરસોતમ વેરાવળ
૧ ઠકર. નથુ મંગળજી
૧ રા. ત્રીકમજી વેલજી
૧ મા. વશનજી જીવરાજ દરવાણી.
૧ મા. હરીદાશ મુલચંદ
રા. રા. કલ્યાણરાય વ્રજદાસ વૈષ્ણવ માર-
ફતે વડાલ. ૬
૧ રા. ધનેશ્વર અંબારામ મેહેતા
૧ રા. જયચંદ પુરૂષોતમ પારેખ
૧ મા. કેશવજી કબા.
૧ મેતાજી રેવાશંકર પ્રભુરામ રાવળ મજેવડી
૧ પરમાર રતના જશા પોષ્ટમેન મજેવડી
૧ ઠકર ભગવાનજી બાવા મોદી વડાળ.
મારફત પ્રિયમીત્ર પટેલ રતનજી ગીઠાભાઇ
વડોદરા ૬

૧ પટેલ રતનજી ગીઠાભાઈ વડોદરા.
૧ રા. દ્વારકાંદાસ નારણદાસ
૧ રા. મુળજીભાઇ દાજીભાઈ
૧ રા. ગીરધરભાઇ ઝવેરભાઈ
૧ રા. ચતુરભાઇ બાપુજી
૧ રા. નરોતમ લક્ષ્મીરામ
રા. રા. જીવરાજ અજરામલ ગોર. મારફતે
ભુજ કચ્છ. ૪
૧ રા. જીવરામ અજરામલ ગોર ભુજ.
૧ દેસી ડોક્ટર ત્રીકમજી હરીરામ
૧ રા. ડોસાભાઈ હાજી ખોજા
૧ ઠા. ભગવાનજી જાદવજી
૧ રા. રા અમૃતલાલ વ્રજદાસ પોરબંદર.
૧ રા. ડોસાભાઇ વેલજી
૧ રા. ખવાશ કાળા આણંદ
૧ રા. મોતીચંદ ગીગાભાઇ જીના
૨ રા. રા. વીઠલજી જીવણભાઈ વૈવટદાર સા-
હેબ રાપર કચ્છ.
૧ રા. વનમાળી આણંદજી દેસાઇ જેતપુર.
૧ રા. રા. ગોવીંજી ઝવેરચંદ નવાનગર.

છે ત
તેથી આ.
રાખનારને
આ બુક
રે શું કરવું ને તેમા
રાખવાથી કેટલું ફળ મ.
સાહેબો સોના જેવી તક ખોર.

જુનાગઢ પારેખ
લર ઠે. ૬

સર્વોપયોગી સંગ્રહ.

ભાગ ૨ જો.

આમાં પણ ઘણાજ તરેહવાર રોગના ઉપાયો જે ઓષડથી ફાયદો થાય તેવા તેવીજ ઘણી સારી બાબતનો સં

.ન અને

.થાય તેને છ

. ટપાલ ખર્ચ

ખર્ચ એક આનો

.રહના પુસ્તકો મળેછે જેને

.કલી દેવામાં આવશે. તેમજ

.થી પણ મંગાવી દેવામાં આવશે.

પણ પુસ્તક યા કંઈપણ દવા યાને કંઇપણ

. મોકલશે તો ખુશીને સાથ વેચી નાખવા-

-૧૦ હું છું આપનો શેવક.

પારેખ ગોવીંદજી વી નાનજી બુક-
સેલર એન્ડ કમીશન એજંટ.